## સૌની યોજનાનો કુલ ખર્ચ

***15/4/2259 શ્રી અનંતકુમાર હસમુખભાઇ પટેલ(વાંસદા): માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે, -**

| પ્રશ્ન | | જવાબ | |
|---|---|---|---|
| (૧) | તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ સૌની યોજના માટે કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો, | (૧) | રૂ. ૧૭૧૫૯/- કરોડ |
| (૨) | ઉક્ત યોજના હેઠળ કેટલા ડેમો, તળાવો અને જળાશયો ભરવાના છે અને તે અન્વયે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલા ડેમો, જળાશયો અને તળાવોમાં નર્મદાનું કેટલું પાણી નાખવામાં આવ્યું, અને | (૨) | • સૌની યોજના થકી સૌરાષ્ટ્ર વિસ્તારના ૧૧૫ ડેમો જોડવાનુ આયોજન છે જે પૈકી ૯૫ ડેમનુ જોડાણ કરવામા આવેલ છે.<br>• જોડાણ થયેલ ડેમ/જળાશયો અને સૌની યોજનાની પાઇપલાઇનની પથરેખામા આવતા તળાવો/ચેકડેમોમા વર્ષ-૨૦૨૨ મા અંદાજે ૧૪૯૪૮ એમ.સી.એફ.ટી. અને વર્ષ-૨૦૨૩ મા અંદાજે ૨૬૦૧૮ એમ.સી.એફ.ટી. પાણીનો જથ્થો નાખવામા આવેલ છે. |
| (૩) | સૌની યોજનાની કામગીરી ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે? | (૩) | સૌની યોજનાની બાકી રહેતી કામગીરી અંગેના ટેન્ડર મંજુરીની કાર્યવાહી પૂર્ણ કરી તેમજ પ્રગતિ હેઠળના કામે, સાઇટ પરના વિવિધ તબક્કાઓ જેવા કે પાઇપલાઇન લેયીંગની કામગીરી, પમ્પિંગ સ્ટેશનના બાંધકામની કામગીરી, આર.ઓ.યુ. થકી જમીન વપરાશી હક્કો પ્રાપ્ત કરવાની કામગીરી પૂર્ણ કરી, ક્રોસિંગ અંગે વિવિધ વિભાગોની મંજુરીઓ મેળવી, નર્મદાના પાણીની ઉપલબ્ધિ મુજબ, તબક્કાવાર પૂર્ણ કરવાનુ આયોજન છે. |

----------------